ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩૭/૧૯-૨૦/ 352 તારીખ : 29 JAN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ડાભી,**
મું.બલાણા,
તા.જાફરાબાદ,
**જી.અમરેલી.**
**મો.નં. ૯૬૨૪૬ ૦૯૭૩૯.**

કેસ નં.૧૩૭/૧૯-૨૦

**વિષય : નવા ખેતીવાડી કનેકશન અંગે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૯/૦૨/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૫/૦૩/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૭/૧૯-૨૦/૧૧૭૯ તા.૧૨/૦૩/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૭/૧૯-૨૦/૨૦૪૧ તા.૧૮/૦૬/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૭/૧૯-૨૦/૩૫૦૮ તા.૦૯/૧૦/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૭/૧૯-૨૦/૪૦૯૬ તા.૨૭/૧૧/૨૦૨૦.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૭/૧૯-૨૦/૧૭૦ તા.૧૨/૦૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

27/1/21

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સાવરકુંડલા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **જાફરાબાદ.**

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

કેઈસ નંબર – ૧૩૭/૧૯–૨૦

વાદી :– **શ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ડાભી**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૨/૦૧/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ડાભી – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી કે.ડી.નિનામા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ડાભી, મું.બલાણા, તા.જાફરાબાદ, જી.અમરેલી ની નવા ખેતીવાડી કનેકશન અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩૭/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૭/૧૯–૨૦/૧૧૭૯ તા.૧૨/૦૩/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૯/૦૬/૨૦૨૦, તા.૩૦/૬/૨૦૨૦, તા.૨૩/૧૦/૨૦૨૦, તા.૧૧/૧૨/૨૦૨૦ તથા તા૨૨/૧/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ જેમાં, **તા.૩૦/૬/૨૦૨૦,તા.૧૧/૧૨/૨૦૨૦** ના રોજ વાદી શ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ડાભી હાજર રહેલ તેમજ **તા.૨૨/૧/૨૦૨૦** ના રોજ વાદીશ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ડાભી ગેરહાજર રહેલ. તથા **તા.૩૦/૬/૨૦૨૦, તા.૧૧/૧૨/૨૦૨૦ તથા તા.૨૨/૧/૨૦૨૦** ના રોજ પ્રતિવાદી તરફે શ્રી કે.ડી.નિનામા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર શ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ડાભી, મું.બલાણા,તા.જાફરાબાદ, દ્વારા પીજીવીસીએલ, જાફરાબાદ પેટા વિભાગીય કચેરી ખાતે તેમની ખેતીની જમીન જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ માં નવા ૫ હો.પા.વિજભારના ખેતીવાડી વિજ જોડાણ માટે તા.૨૯/૧૨/૨૦૧૫ ના રોજ રકમ ભરપાઈ કરવામાં આવેલ હતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ અરજદારશ્રી ની રજૂઆત મુજબ અરજી કરવામાં આવેલ કુવામાં અમારા ભાઈઓનો ભાગ હતો તે સમયે અમારા પિતાશ્રી હયાત હોઈ, ભાઈઓ ભાગ પડયા ન હતા તે સમયે વિજ જોડાણ મેળવેલ હતું. હાલ, જમીન ના ભાગ પડી ગયેલ હોય, કૌટુંબિક કારણોસર અમારા ભાઈએ ચાલુ વિજ જોડાણમાંથી અમોને સિંચાઈ કરવાની ના પાડેલ છે.તેથી સદર કુવા ઉપર બીજું વિજ જોડાણ માંગવા માટે અમારા દ્વારા ઉપરોકત જણાવેલ વિગત મુજબ જાફરાબાદ પેટા વિભાગીય કચેરીમાં અરજી કરવામાં આવેલ હતી.

૧.૩ અમારી રજૂઆત મુજબ સદર ખેતીની જમીનમાં કુવો અમારા ભાગ અને હકક હિસ્સામાં આવેલ છે. પરંતુ, વિજ કનેકશન અમારા ભાઈઓના નામે છે, તથા ડીઝલ મશીનથી સિંચાઈ કરવી ખૂબ મોંઘી પડતી હોય, અમોને નવું વિજ જોડાણ આપવા અમારા દ્વારા અરજી કરવામાં આવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અત્રેની જાફરાબાદ પેટા વિભાગીય કચેરી માં અરજદારશ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ડાભી દ્વારા મૂળ વઢેરા તા.જાફરાબાદ ના સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ માં તા.૨૯/૧૨/૨૦૧૫ ના રોજ પહોંચ નં–XP-155066 દ્વારા રજી.ચાર્જ પેટે રૂા.૨૦૦/– ની રકમ ભરપાઈ કરવામાં આવેલ હતી. જેની નોંધણી જી.પી.નં–૨૫૩૭ દ્વારા કરવામાં આવેલ હતી.

૨.૨ જાફરાબાદ પેટા વિભાગીય કચેરી ના રેકર્ડ મુજબ સર્વે નં–૧૦૫/૧ પૈકી ૨ માં જે તે સમયે નવા વિજ જોડાણ ની માંગણી અરજદારશ્રી ભુરાભાઈ નાજાભાઈ ના નામ દ્વારા કરવામાં આવેલ હતી. જેમના દ્વારા સોગંદનામા મારફતે તા.૨૬/૨/૨૦૧૦ ના રોજ સર્વે નં–૧૦૫/૧ પૈકી ૨ કે જેમાં કુવો આવેલ છે, તેની માલીકી તેમના પુત્ર શ્રી છગનભાઈ ભુરાભાઈ ને આપવામાં આવેલ હતી. જે અનુસંધાને જે તે સર્વે પર શ્રી છગનભાઈ ભુરાભાઈ ના નામે વિજ જોડાણ આપવામાં આવેલ હતું. જેનો વિજ ગ્રાહક નં–૮૫૪૮૪/૦૧૦૬૩/૨ છે. જે સોગંદનામાની એક નકલ આ સાથે સામેલ છે.

૨.૩ શ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ની તા.૨૯/૧૨/૨૦૧૫ ની નવા વિજ જોડાણ ની અરજી ના અનુસંધાને જાફરાબાદ પેટા વિભાગીય કચેરી દ્વારા નવા વિજ જોડાણ ના સર્વે માટે તેમના આપેલા દસ્તાવેજો મુજબ ની જગ્યામાં સર્વે કરતા,તેમના જે તે સર્વે નંબરમાં અગાઉથી વિજ જોડાણ નંબર–૮૫૪૮૪/૦૧૦૬૩/૨ એ છગનભાઈ ભુરાભાઈ ડાભી ના નામે અગાઉથી હયાત હોય, અરજદારશ્રી ને જે તે વિજ જોડાણ અન્ય કોઈ તેમની માલીકીની જગ્યાએ સ્થળફેર કરવા માટે જણાવેલ. ઉપરાંત, અરજદારશ્રી ની માલીકીની જમીન ૧૦૫/૧ પૈકી ૪ માં નાયબ ઈજનેર, જાફરાબાદ દ્વારા સર્વે કરતાં, કોઈ કુવો કે અન્ય પિયત માટેનું સાધન જોવા મળેલ ન હતું.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૪ પરંતુ, અરજદારશ્રી દ્વારા આવી કોઈ માંગણી કરવામાં આવેલ ન હતી.જેથી એક જ સર્વે નંબરમાં બીજું વિજ જોડાણ એ પરિપત્ર ક્રમાંક–જીયુવીએનએલ/ટિક/એજીકને./૨૩૭૬ તા.૨૮/૯/૨૦૧૨ મુજબ આપી શકાય તેમ ન હોય, જેથી જાફરાબાદ પેટા વિભાગીય કચેરી ના પત્ર ક્રમાંક–જેએફડી/એસ્ટા/ટિક/૫૪૩૦ તા.૪/૧૦/૨૦૧૮ ના રોજ પત્ર દ્વારા અરજદારશ્રી ને તેમની કરવામાં આવેલ નવી વિજ જોડાણ ની માંગણી રદ કરવામાં આવેલ છે, તેમ જણાવવામાં આવેલ હતું.

૨.૫ વધુમાં જણાવવાનું કે, અરજદારશ્રી ની હાલની જમીન એ ૮ એકર થી ઓછા વિસ્તારની હોય,પરિપત્ર ક્રમાંક–જીયુવીએનએલ/ટિક–૨/આરએનઆર/૨૦૪૪ તા.૨૫/૧૦/૨૦૧૬ તથા પરિપત્ર ક્રમાંક–પીજીવીસીએલ/પ્રોજેકટ/૧૨૦૭ તા.૨૬/૧૦/૨૦૧૬ મુજબ એક સર્વે નંબરમાં બે (૨) ખેતી વિષયક વિજ જોડાણ ની શરતો પરિપૂર્ણ થતી ન હોય, અરજદારશ્રી ને એક સર્વે નંબર માં બે(૨) વિજ જોડાણો આપી શકાય તેમ નથી.

૨.૬ કન્વીનરશ્રી, ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ની તા.૧૧/૧૨/૨૦૨૦ ની બેઠક દરમ્યાન ની સૂચના મુજબ તા.૧૯/૧/૨૦૨૧ ના રોજ અરજદાર ના સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ વાળી જગ્યા ની સ્થળ તપાસ અરજદારશ્રી ની હાજરીમાં કરવામાં આવેલી. સદરહુ સ્થળ ઉપર સરપંચશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રી તથા પીજીવીસીએલ ના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. સ્થળ ઉપર તપાસ કરતાં, સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ ના પશ્ચિમ દિશાના છેવાડે પડતર જેવી જગ્યામાં ટ્રાન્સફોર્મર સેન્ટર તથા કુવો આવેલ છે. સદરહુ પડતર જગ્યા સહિયારી હોવાનું જાણવા મળેલ છે અને કુવો પણ સહિયારો હોવાનું જાણવા મળેલ છે. સદર કુવા ઉપર છગનભાઈ ભુરાભાઈ ડાભી ગામ–વઢેરા, ગ્રાહક નં–૮૫૪૮૪/૦૧૦૬૩/૨ વાળું ખેતીવાડી વિજ કનેકશન આવેલું છે અને સદર વિજ કનેકશન દ્વારા સદર કુવામાંથી છગનભાઈ ભુરાભાઈ ડાભી દ્વારા તેમના ખેતરમાં પિયત કરે છે. જે સર્વે નં–૧૦૫/૧ પૈકી ૨ શ્રી શાર્દુલભાઈ ભુરાભાઈ ડાભી ના સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ ને અડીને આવેલો છે. સ્થળ ઉપર સ્થળ રોજકામ તથા સ્થળની પરિસ્થિતિ દર્શાવતો નકશો તૈયાર કરવામાં આવેલો છે. જે આ સાથે સામેલ કરવામાં આવેલો છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શાર્દુલભાઈ ભૂરાભાઈ ડાભી ગામ–બલાણા, તા.જાફરાબાદ માં સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ માં તા.૨૯/૧૨/૨૦૧૫ ના રોજ નવા ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ. પ્રતિવાદીએ વાદીને નવા વિજ જોડાણ માટેનું અંદાજપત્ર આપેલ. પરંતુ, પ્રતિવાદીએ વાદીને અંદાજપત્ર ભરવા દીધેલ નહી. તેથી, વાદીએ ફોરમને નવા વિજ જોડાણ માટે રજૂઆત કરેલ છે.

૩.૨ પ્રતિવાદીએ ફોરમને રજૂ કરેલ જવાબ મુજબ વાદીએ માંગેલ વિજ જોડાણની પાસેના સર્વે નં–૧૦૫/૧ પૈકી ૨ માં હાલ છગનભાઈ ભૂરાભાઈ ડાભી ના નામનું ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નં–૮૫૪૮૪/૦૧૦૬૩/૨ થી હયાત છે. તેમજ વાદીએ માંગેલ વિજ જોડાણ જે કુવા ના પાણીમાંથી પિયત કરવાનું છે. તે કુવો તેમજ છગનભાઈ ભૂરાભાઈ ના હયાત વિજ જોડાણ માટેનો પિયતનું સાધન એટલે કે કુવો બન્ને એક જ છે. તેથી, એક જ સર્વે નંબર માં ૨ વિજ જોડાણ આપી શકાય નહી. તેવી પ્રતિવાદીની રજૂઆત છે.

૩.૩ તા.૩૦/૬/૨૦૨૦,તા.૨૩/૧૦/૨૦૨૦,તા.૧૧/૧૨/૨૦૨૦ ના રોજ સુનાવણી દરમ્યાન ફોરમે પ્રતિવાદીને સ્થળ ખરાઈ કરી, રોજકામ કરી તેમજ જરૂરી રેવન્યુ ડોકયુમેન્ટસ રજૂ કરવા જણાવેલ.

૩.૪ વાદી તેમજ પ્રતિવાદીએ રજૂ કરેલ રેવન્યુ ડોકયુમેન્ટસ સ્થળ પરનું રોજકામ, તેમજ સ્થળ પરનો નકશો જેમાં ગામ ના સરપંચ તેમજ તલાટી તેમજ બીજા સાક્ષી તેમજ પ્રતિવાદીના અધિકારીઓની સહી છે તે મુજબ, વાદીએ જે કુવા પર સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ માં વિજ જોડાણ માંગેલ છે તે કુવો તેમજ છગનભાઈ ભૂરાભાઈ ને હયાત વિજ જોડાણ વાળો કુવો બન્ને એક છે અને તે સહીયારી માલીકીનો હોય, તેવું જણાય છે. આ કુવો કોઈ ના સર્વે નંબર ની જગ્યામાં આવેલ નથી. વળી, વાદીએ માંગેલ વિજ જોડાણ નો સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ છે તેમજ હયાત વિજ જોડાણ સર્વે નં–૧૦૫/૧ પૈકી ૨ માં છે.

૩.૫ વાદીએ રજૂ કરેલ ગામનો નમૂનો નં–૧૬, કુવાનું હકકપત્રક, મુજબ વાદીની માલીકીની જમીન સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ માં તલાટીએ પિયતનું સાધન પાકો કુવો બનાવેલ છે.

૩.૬ તારણ નં–૩.૪ અને ૩.૫ માં જણાવેલ વિગતો અને તારણો પરથી સ્પષ્ટ થાય છે કે, વાદીએ માંગેલ વિજ જોડાણ અને હયાત વિજ જોડાણ બન્ને ના સર્વે નંબર અલગ અલગ છે. તેમજ વાદીએ જે કુવા પરથી વિજ જોડાણ માંગેલ છે તે કુવો સહીયારી માલીકીનો છે અને તે કુવો છગનભાઈ ભૂરાભાઈ ડાભી કે જેઓ નો વિજ જોડાણ સર્વે નં–૧૦૫/૧ પૈકી ૨ માં હયાત છે. તેની જગ્યામાં પણ આવેલ નથી.

૩.૭ ઉપર મુજબના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને તેઓએ માંગેલ ખેતીવાડી વિજ જોડાણ સર્વે નં–૧૦૫/૧ પૈકી ૪ માટે નું અંદાજપત્ર દિવસ–૩૦ માં આપવું. જે ભરપાઈ થયે, પ્રતિવાદીએ નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એન.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૨૨/૦૧/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.